**Extra No. 222**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVI ]  MONDAY, JUNE 23, 2025 / ASHADHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તારીખઃ ૨૨મી એપ્રિલ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જી/એનજે/૨૦૨૫/૧૮૦/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૩/૨૦૨૨/૪૨૩૫/સેકશન ઈ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**Amendment to the Executive Engineer (Civil) Class I, in the Gujarat Engineering Service, under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department, Recruitment Rules, 2016**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી એપ્રિલ, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જી/એનજે/૨૦૨૫/૧૮૦/એનડબલ્યુઆરડબલ્યુએસકેડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૩/૨૦૨૨/૪૨૩૫/સેક્શન ઈ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૫ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારની અજમાયશી મુદત બે વર્ષની રહેશે. આવા ઉમેદવારે, અજમાયશી મુદતના પ્રથમ વર્ષ માટે, સેન્ટ્રલ ડિઝાઈન ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગર-ની દેખરેખ હેઠળ તાલીમ લેવાની રહેશે. અજમાયશીનું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યા પછી, ઉમેદવારને, ત્રણ વર્ષની મુદત માટે, પેટા-વિભાગ (સબ-ડિવિઝન)માં નાયબ કાર્યપાલક ઈજનેરનો સ્વતંત્ર હવાલો સોંપવામાં આવશે. પસંદગી પામેલા ઉમેદવારને, પેટા-વિભાગમાં આવી નિમણૂક દરમિયાન, મદદનીશ કાર્યપાલક ઈજનેર તરીકે મુકરર કરવામાં આવશે. આવી સેવાના ચાર વર્ષ સેવા પૂર્ણ કર્યા પછી, તેની કાર્યપાલક ઈજનેર તરીકે નિમણૂક કરવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડી. આર. ભમ્મર,**

સરકારના સંયુક્ત સચિવ.

----------

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.10 22:08:50 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar